NHSRCL
National High Speed Rail Corporation Ltd.

Free Press Journal, Mumbai, 04/04/2026
Page No: 15, Size: 50.14cm × 14.63cm

depot

# Surat to host key maintenance hub for India's bullet train

**FPJ News Service**
SURAT

India's ambitious high-speed rail dream is steadily turning into reality, and Surat is emerging as one of its most critical infrastructure hubs. Under the Mumbai--Ahmedabad Bullet Train project, a massive rolling stock depot is being built in the city to serve as the maintenance and operations backbone for the country's first high-speed rail corridor.

The project, part of the National High Speed Rail Corporation Limited initiative, includes three major depots at Sabarmati, Surat and Thane. Among them, the 27-hectare Surat depot is witnessing rapid construction activity, signalling major progress on the landmark corridor connecting Mumbai and Ahmedabad.

"This depot will play a crucial role in ensuring the safety, reliability and efficiency of the bullet train operations," an official associated with the project said.



**The 'Home and Hospital' of Bullet Trains**

Rolling stock depots are often described as the "home and hospital" of trains, and the Surat facility will live up to that definition.

Spread across a vast campus near Neol railway station—about 2 km south of the Surat Bullet Train Station on Surat–Bardoli Road (NH-53)—the depot will handle commissioning, daily inspections and maintenance of high-speed trainsets capable of running at 320 kmph.

The depot will be equipped with:

Inspection bays for routine safety checks

Washing plants for cleaning trainsets

Stabling lines for parking and storage

Facilities for unscheduled repairs

Wheel re-profiling systems

Experts say such regular inspections are essential for detecting defects early and ensuring accident-free high-speed travel.

"A high-speed train requires world-class maintenance infrastructure. This depot ensures trains remain in peak condition every day," said a railway engineer.

**Modern Equipment and Future Expansion Plans**

At present, two inspection-sequentia l stabling lines are being installed, while four additional stabling lines are planned in the future to accommodate expanding operations.

A special floor-level inspection space is also being created to enable engineers to examine train components efficiently and safely.

The depot is being constructed by IRCON International, one of India's leading railway infrastructure companies.

**Dainik Bhaskar, Surat, 04/04/2026**
Page No: 12, Size: 36.70cm × 24.32cm

# अंत्रोली डिपो होगा बुलेट ट्रेन का 'केयरटेकर', यहां होगी सफाई-मेंटेनेंस



**बारडोली** | मुंबई-अहमदाबाद हाई-स्पीड रेल कॉरिडोर का सपना अब सच हो रहा है। साबरमती से थाणे तक प्रोजेक्ट का काम सुपरफास्ट गति से बढ़ रहा है, वहीं सूरत का अंत्रोली इस पूरे कॉरिडोर का मुख्य केंद्र बन रहा है। यहां न सिर्फ हाई-टेक स्टेशन ही नहीं, बल्कि बुलेट ट्रेनों के संचालन और रखरखाव के लिए सबसे अहम 'रोलिंग स्टॉक डिपो' भी आकार ले रहा है। अंत्रोली से नियोल तक 27 हेक्टेयर के विशाल क्षेत्र में फैला यह डिपो बुलेट ट्रेनों की कार्यक्षमता के लिए एक 'लाइफलाइन' साबित होगा। यहां ट्रेनों की नियमित सफाई से लेकर जटिल तकनीकी खराबियां ठीक करने तक के लिए विश्वस्तरीय इंफ्रास्ट्रक्चर बनाया गया है। ट्रेनों की सुरक्षा और विश्वसनीयता बनाए रखने के लिए डिपो को अत्याधुनिक मशीनों से सुसज्जित किया गया है। सूरत का अंत्रोली अब सिर्फ एक स्टॉपेज नहीं रहेगा, बल्कि देश में पटरियों पर बुलेट ट्रेनें चलाने के लिए मुख्य 'नर्सरी' और सबसे बड़ा तकनीकी केंद्र साबित होगा।

**तस्वीर - हरेंद्रसिंह बारड़**

## रोलिंग स्टॉक डिपो ट्रेनों का 'घर' और 'हॉस्पिटल' होता है

एक रोलिंग स्टॉक डिपो रेलवे सिस्टम में ट्रेन की गाड़ियों (जिन्हें रोलिंग स्टॉक कहते हैं) के स्टोरेज, मेंटेनेंस और रिपेयर के लिए एक खास सेंटर होता है। रोलिंग स्टॉक में सभी ट्रेन गाड़ियां शामिल होती हैं, जैसे लोकोमोटिव, पैसेंजर कोच, ट्रेनसेट, वगैरह। डिपो ट्रेनों का 'घर' और 'हॉस्पिटल' होता है, जहां ट्रेनें पार्क, रोजाना जांच, सफाई और जरूरी मरम्मत की जाती है। नियमित और विस्तृत निरीक्षण से ट्रेन में कोई भी खामी जल्दी पता चलती है, जिससे दुर्घटना का खतरा कम होता है। विशेष रूप से 320 किमी/घंटा की गति वाली बुलेट ट्रेन में यह बहुत जरूरी है।

**Gujarat Guardian, Surat, 02/04/2026**

**Page No: 3, Size: 14.47cm × 17.36cm**

**Rolling stock depot will maintain and commission trains in the High Speed Rail Corridor Project**

# હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટમાં રોલિંગ સ્ટોક ડેપો ટ્રેનોના જાળવણી અને કમિશનિંગ કરશે

સુરત, તા.1

મુંબઈ અમદાવાદ વચ્ચે હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટમાં રોલિંગ સ્ટોક ડેપો ટ્રેનોના જાળવણી અને કમિશનિંગ કરશે, સાબરમતી, સુરત અને થાણેનો ડેપો ટ્રેનસેટના જાળવણી માટે અત્યાધુનિક સાધનો, તેમજ નિરીક્ષણ ખાડીઓ, વોશિંગ પ્લાન્ટ, સ્ટેબલિંગ લાઈનની દેખરેખ કરશે,

> **સાબરમતી, સુરત અને થાણેનો ડેપો ટ્રેનસેટના જાળવણી માટે અત્યાધુનિક સાધનો સાથે નિરીક્ષણ, સ્ટેબલિંગ લાઈનની દેખરેખ કરશે**

મું બ ઈ - અહમદાબાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને ગુજરાતમાં સાબરમતી અને સુરત અને મહારાષ્ટ્રમાં થાણે સ્થિત ત્રણ રોલિંગ સ્ટોક ડેપો દ્વારા સેવા પૂરી પાડવામાં આવશે. આશરે 27 હેક્ટર વિસ્તારમાં ફેલાયેલો, સુરત રોલિંગ સ્ટોક ડેપો ટ્રેનોના કમિશનિંગ અને જાળવણી માટે જરૂરી સુવિધાઓથી સજ્જ હશે.

તેમાં ટ્રેનસેટના હળવા જાળવણી માટે અત્યાધુનિક સાધનો, તેમજ નિરીક્ષણ ખાડીઓ, વોશિંગ પ્લાન્ટ, સ્ટેબલિંગ લાઈન અને ઘણું બધું હશે. ડેપો પરિસરમાં રોલિંગ સ્ટોકનું દરરોજ અને નિયમિતપણે નિરીક્ષણ કરવામાં આવશે. હાલમાં, બે (02) નિરીક્ષણ-કમ-સ્ટેબલિંગ લાઈન પૂરી પાડવામાં આવી રહી છે, અને ભવિષ્યમાં ચાર (04) સ્ટેબલિંગ લાઈનનું આયોજન છે. નિરીક્ષણ ઉપરાંત, ડેપોમાં અનશેડ્યુલ રિપેર અને વ્હીલ રિ-પ્રોફાઈલિંગ માટેની સુવિધાઓ પણ હશે.

Sandesh, Ahmedabad, 02/04/2026

Page No: 2, Size: 25.14cm × 16.85cm

## Advanced wheel re-profiling facility to be set up for trains

## Bullet Train Project: Hi-tech 'Rolling Stock Depot' to be built on 27 hectares

### ટ્રેન માટે અદ્યતન વ્હીલ રિ-પ્રોફાઇલિંગ સુવિધા ઊભી કરાશે

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ: ૨૭ હેક્ટરમાં હાઈટેક 'રોલિંગ સ્ટોક ડેપો' તૈયાર કરવામાં આવશે

### સાબરમતી અને થાણે સહિતના ૩ ડેપોમાં થશે ટ્રેનોની મરામત

| અમદાવાદ |

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને ગતિ આપવા માટે સુરતમાં આધુનિક રોલિંગ સ્ટોક ડેપો તૈયાર કરવામાં આવી રહ્યો છે. આશરે ૨૭ હેક્ટરમાં ફેલાયેલો આ ડેપો ટ્રેનોના કમિશનિંગ અને જાળવણી માટે અદ્યતન સુવિધાઓથી સજ્જ હશે. ડેપોમાં ટ્રેનસેટની જાળવણી માટે આધુનિક સાધનો, નિરીક્ષણ સિસ્ટમ, વોશિંગ પ્લાન્ટ તેમજ સ્ટેબલિંગ લાઈન જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. બુલેટ ટ્રેનની સલામતી માટે ટ્રેનોનું દરરોજ અને નિયમિતપણે નિરીક્ષણ અહીં કરવામાં આવશે.

હાલમાં બે નિરીક્ષણ કમ સ્ટેબલિંગ લાઈન તૈયાર કરવામાં આવી રહી છે, જ્યારે ભવિષ્યમાં ચાર સ્ટેબલિંગ લાઈન સુધી વિસ્તરણ કરવાની યોજના છે. અનશેડ્યૂલ રિપેર અને વ્હીલ રિ-પ્રોફાઈલિંગ જેવી વિશેષ સુવિધાઓ પણ ડેપોમાં ઉપલબ્ધ રહેશે. ગુજરાતમાં સાબરમતી, સુરત અને મહારાષ્ટ્રમાં થાણે ખાતે આવેલા ત્રણ મુખ્ય ડેપો દ્વારા ટ્રેનોની જાળવણીની જવાબદારી સંભાળવામાં આવશે. આ સમગ્ર વ્યવસ્થા બુલેટ ટ્રેનની સુરક્ષા, ઝડપ અને કાર્યક્ષમતાને વધુ સક્ષમ બનાવશે.

Gujarat Mitra, Surat, 03/04/2026
Page No: 5, Size: 28.26cm × 40.56cm

Rolling stock depot work in full swing in Surat for bullet train

# બુલેટ ટ્રેન માટે સુરતમાં રોલિંગ સ્ટોક ડેપોની કામગીરી પૂરજોશમાં

**27 હેક્ટરમાં** સુરતમાં બની રહી છે બુલેટ ટ્રેનની હોસ્પિટલ

**આ ડેપોમાં** બુલેટ ટ્રેનનું મેઈન્ટેનન્સ કરાશે, સ્ટેશનથી માત્ર 2 કિ.મી. દૂર બનાવાયો ડેપો



સુરતઃ સરકારના અતિમહત્ત્વકાંક્ષી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ગુજરાતમાં સાબરમતી અને સુરત તથા મહારાષ્ટ્રમાં થાણે એમ ત્રણ ઠેકાણે ત્રણ રોલિંગ સ્ટોક ડેપો બનાવવાનું આયોજન છે, તે પૈકી સુરતમાં 27 હેક્ટર વિસ્તારમાં રોલિંગ સ્ટોક ડેપો બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

આશરે 27 હેક્ટર વિસ્તારમાં ફેલાયેલો, સુરત રોલિંગ સ્ટોક ડેપો ટ્રેનોના કમિશનિંગ અને જાળવણી માટે જરૂરી સુવિધાઓથી સજ્જ હશે. તેમાં ટ્રેનસેટના હળવા જાળવણી માટે અત્યાધુનિક સાધનો, તેમજ નિરીક્ષણ ખાડીઓ, વોશિંગ પ્લાન્ટ, સ્ટેબલિંગ લાઇન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. ડેપો પરિસરમાં રોલિંગ સ્ટોકનું દરરોજ અને નિયમિતપણે નિરીક્ષણ કરવામાં આવશે.

હાલમાં, બે (02) નિરીક્ષણ-કમ-સ્ટેબલિંગ લાઇન પૂરી પાડવામાં આવી રહી છે, અને ભવિષ્યમાં ચાર (04) સ્ટેબલિંગ લાઇનનું આયોજન છે. નિરીક્ષણ ઉપરાંત, ડેપોમાં અનશેડ્યુલ રિપેર અને વ્હીલ રિ-પ્રોફાઇલિંગ માટેની સુવિધાઓ પણ હશે.

## રોલિંગ સ્ટોક ડેપો શું છે?

રોલિંગ સ્ટોક ડેપો રેલ્વે વ્યવસ્થામાં ટ્રેનોના વાહનો (જેને રોલિંગ સ્ટોક કહેવાય છે)ના સ્ટોરેજ, જાળવણી અને મરામત માટેનું એક વિશેષ કેન્દ્ર છે. રોલિંગ સ્ટોકમાં ટ્રેનના તમામ વાહનોનો સમાવેશ થાય છે – જેમ કે લોકોમોટિવ, પેસેન્જર કોચ, ટ્રેનસેટ વગેરે. ડિપો એ ટ્રેનોનું "ઘર" અને "હોસ્પિટલ" જેવું છે, જ્યાં ટ્રેનોને પાર્ક કરવામાં આવે છે, દરરોજનું નિરીક્ષણ કરવામાં આવે છે, સાફ કરવામાં આવે છે અને જરૂરી રિપેરિંગ કરવામાં આવે છે. નિયમિત અને વિગતવાર નિરીક્ષણથી ટ્રેનમાં કોઈ ખામી વહેલી શોધી શકાય છે, જેથી અકસ્માતનું જોખમ ઘટે છે. ખાસ કરીને 320 કિમી/કલાકની સ્પીડવાળી બુલેટ ટ્રેનમાં આ અત્યંત જરૂરી છે.

## બુલેટ ટ્રેનનો સ્ટોક ડેપો સુરતમાં ક્યાં બનશે?

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે સુરત રોલિંગ સ્ટોક ડેપો સુરત બુલેટ ટ્રેન સ્ટેશનની નજીક જ બનાવવામાં આવી રહ્યો છે. આ ડેપો નિયોલ રેલ્વે સ્ટેશનની ઉત્તર બાજુએ આવેલો છે. તે સુરત બુલેટ ટ્રેન સ્ટેશનથી લગભગ 2 કિલોમીટર દક્ષિણ તરફ આવેલો છે. સુરત બુલેટ ટ્રેન સ્ટેશન અંત્રોલી ગામમાં સુરત-બારડોલી રોડ (NH-53) પાસે આવેલું છે. ડેપો માટે આશરે 27 હેક્ટર જમીન ઉપયોગમાં લેવાઈ છે. આ સ્થળ એટલા માટે પસંદ કરવામાં આવ્યું છે કે તે બુલેટ ટ્રેનના મુખ્ય રૂટ પર છે અને સુરત-બિલીમોરા (પ્રથમ તબક્કો) માટે પણ અનુકૂળ છે. ડેપોનું નિર્માણ આઈઆરકોન ઈન્ટરનેશનલ કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે.

Divya Bhaskar, Navsari, 03/04/2026
Page No: 5, Size: 23.10cm × 19.24cm

# Rolling stock depot for bullet train in Antroli finalized

## અંત્રોલીમાં બુલેટ ટ્રેન માટે રોલિંગ સ્ટોક ડેપોને અંતિમરૂપ



**હરેન્દ્રસિંહ બારડ | બારડોલી |** મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોરનું સ્વપ્ન હવે સાકાર થઈ રહ્યું છે. સાબરમતીથી લઈને થાણે સુધી પ્રોજેક્ટની કામગીરી સુપરફાસ્ટ ગતિએ આગળ વધી રહી છે, ત્યારે સુરતના અંત્રોલીમાં બુલેટ ટ્રેનના સંચાલન અને દેખરેખ માટે સૌથી મહત્વનો એવો "રોલિંગ સ્ટોક ડેપો" આકાર લઈ રહ્યો છે.



Divya Bhaskar, Navsari, 03/04/2026
Page No: 3, Size: 26.75cm × 27.28cm

# Antroli Depot will become the caretaker of the bullet train | Work from cleaning to maintenance of the train will be done here

## અંત્રોલી ડેપો બનશે બુલેટ ટ્રેનનો કેર ટેકર | ટ્રેનની સફાઇથી લઇ મેન્ટેનન્સ સુધીની કામગીરી અહીં થશે



મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોરનું સ્વપ્ન હવે સાકાર થઈ રહ્યું છે. સાબરમતીથી લઈને થાણે સુધી પ્રોજેક્ટની કામગીરી સુપરફાસ્ટ ગતિએ આગળ વધી રહી છે, ત્યારે સુરતનું અંત્રોલી આ સમગ્ર કોરિડોરનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. અહીં માત્ર હાઈટેક સ્ટેશન જ નહીં, પરંતુ બુલેટ ટ્રેનના સંચાલન અને દેખરેખ માટે સૌથી મહત્વનો એવો ‘રોલિંગ સ્ટોક ડેપો’ આકાર લઈ રહ્યો છે.અંત્રોલીથી નિયોલ સુધીના 27 હેક્ટરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલો આ ડેપો બુલેટ ટ્રેનની કાર્યક્ષમતા માટે ‘લાઈફલાઈન’ સમાન સાબિત થશે. અહીં ટ્રેનોની નિયમિત સફાઈથી લઈને જટિલ ટેકનિકલ ખામીઓના નિવારણ માટે વૈશ્વિક સ્તરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે. ટ્રેનની સલામતી અને વિશ્વસનીયતા જાળવવા માટે ડેપોમાં અત્યાધુનિક મશીનરી સજ્જ કરાઈ છે. સુરતનું અંત્રોલી હવે માત્ર એક સ્ટોપેજ નહીં. • તસ્વીર હરેન્દ્રસિંહ બારડ.

**Divya Bhaskar, Vadodara, 03/04/2026**

Page No: 6, Size: 23.10cm × 19.82cm

# Rolling stock depot for bullet train in Antroli finalized

## અંત્રોલીમાં બુલેટ ટ્રેન માટે રોલિંગ સ્ટોક ડેપોને અંતિમરૂપ



**હરેન્દ્રસિંહ બારડ | બારડોલી |** મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોરનું સ્વપ્ન હવે સાકાર થઈ રહ્યું છે. સાબરમતીથી લઈને થાણે સુધી પ્રોજેક્ટની કામગીરી સુપરફાસ્ટ ગતિએ આગળ વધી રહી છે, ત્યારે સુરતના અંત્રોલીમાં બુલેટ ટ્રેનના સંચાલન અને દેખરેખ માટે સૌથી મહત્વનો એવો "રોલિંગ સ્ટોક ડેપો" આકાર લઈ રહ્યો છે.



NHSRCL
National High Speed Rail Corporation Ltd.

**Divya Bhaskar, Surat, 03/04/2026**

Page No: 4, Size: 40.61cm × 35.85cm

# Antroli Depot will become the caretaker of the bullet train

## Work from cleaning to maintenance of the train will be done here.

# અંત્રોલી ડેપો બનશે બુલેટ ટ્રેનનો કેર ટેકર

# ટ્રેનની સફાઇથી લઇ મેન્ટેનન્સ સુધીની કામગીરીઅહી થશે

**સેન્સર આધારિત વોશિંગ પ્લાન્ટ અને વ્હીલ પ્રોફાઈલિંગ જેવી વર્લ્ડ ક્લાસ સુવિધાઓ ધરાવતો 27 હેક્ટરમાં ફેલાયેલો વિશાળ પ્લાન્ટ રાખશે બુલેટ ટ્રેનની સમગ્ર સાર સંભાળ**

**ભાસ્કર ફોટોસ્ટોરી**

હરેન્દ્રસિંહબારડ | બારડોલી



મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોરનું સ્વપ્ન હવે સાકાર થઈ રહ્યું છે. સાબરમતીથી લઈને થાણે સુધી પ્રોજેક્ટની કામગીરી સુપરફાસ્ટ ગતિએ આગળ વધી રહી છે, ત્યારે સુરતનું અંત્રોલી આ સમગ્ર કોરિડોરનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. અહીં માત્ર હાઈટેક સ્ટેશન જ નહીં, પરંતુ બુલેટ ટ્રેનના સંચાલન અને દેખરેખ માટે સૌથી મહત્વનો એવો 'રોલિંગ સ્ટોક ડેપો' આકાર લઈ રહ્યો છે.

અંત્રોલીથી નિયોલ સુધીના 27 હેક્ટરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલો આ ડેપો બુલેટ ટ્રેનની કાર્યક્ષમતા માટે 'લાઈફલાઈન' સમાન સાબિત થશે. અહીં ટ્રેનોની નિયમિત સફાઈથી લઈને જટિલ ટેકનિકલ ખામીઓના નિવારણ માટે વૈશ્વિક સ્તરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે. ટ્રેનની સલામતી અને વિશ્વસનીયતા જાળવવા માટે ડેપોમાં અત્યાધુનિક મશીનરી સજ્જ કરાઈ છે. સુરતનું અંત્રોલી હવે માત્ર એક સ્ટોપેજ નહીં, પણ દેશમાં બુલેટ ટ્રેનને પાટા પર દોડાવવા માટેની મુખ્ય 'નર્સરી' અને સૌથી મોટું ટેકનિકલ હબ સાબિત થશે.

## અહી હાઈટેક ટેકનોલોજી અને સુરક્ષાનો અનેરો સંગમ

**ઓટોમેટિક વોશિંગ પ્લાન્ટ :** ટ્રેનોની હાઈટેક સફાઈ માટે ખાસ સેન્સર આધારિત પ્લાન્ટ કાર્યરત કરાશે.

- **સ્ટેબલિંગ લાઈન:** હાલમાં બે નિરીક્ષણ લાઈન તૈયાર છે, જે ભવિષ્યમાં વધારીને 4 કરવામાં આવશે.

**એડવાન્સ્ડ રિપેરિંગ સેન્ટર :** અહીં અન-શિડ્યુલ રિપેરિંગ અને વ્હીલ પ્રોફાઈલિંગ (વ્હીલનો ઘસારો ઠીક કરવા) માટે અદ્યતન મશીનરી તૈનાત હશે.

**ડેઈલી ઈન્સ્પેક્શન:** ટ્રેનોના રોલિંગ સ્ટોક્નું દરરોજ ટેકનિકલ પરીક્ષણ પણ આપલાન્ટમાં જ કરવામાં આવશે.

**પ્લાન્ટનું મહત્વ :** અંત્રોલી સ્ટેશન અને તેની સાથે સંકળાયેલો આ ડેપો ભારતનો એવો પ્રથમ પ્લાન્ટ હશે જ્યાં હાઈસ્પીડ ટ્રેનોનું 'કમિશનિંગ' (પ્રથમ વખત ટ્રેનને ટ્રેક પર ઉતારીને ટેસ્ટ કરવાની પ્રક્રિયા) કરવામાં આવશે. ટ્રેનના સુરક્ષા માપદંડો અને વ્હીલ પ્રોફાઈલની ચકાસણી અહીં જ થવાથી મુસાફરોની સફર વધુ સલામત અને ઝડપી બનશે.

**Divya Bhaskar, Ahmedabad, 03/04/2026**

Page No: 6, Size: 23.10cm × 19.82cm

# Rolling stock depot for bullet train in Antroli finalized

## અંત્રોલીમાં બુલેટ ટ્રેન માટે રોલિંગ સ્ટોક ડેપોને અંતિમરૂપ



**હરેન્દ્રસિંહ બારડ | બારડોલી |** મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોરનું સ્વપ્ન હવે સાકાર થઈ રહ્યું છે. સાબરમતીથી લઈને થાણે સુધી પ્રોજેક્ટની કામગીરી સુપરફાસ્ટ ગતિએ આગળ વધી રહી છે, ત્યારે સુરતના અંત્રોલીમાં બુલેટ ટ્રેનના સંચાલન અને દેખરેખ માટે સૌથી મહત્વનો એવો "રોલિંગ સ્ટોક ડેપો" આકાર લઈ રહ્યો છે.

